સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

આટલા'દિ શું રાજરમતની ચોપાટ જોતાં'તાં?
કે રેલીઓ માં થાય શહીદો એની વાટ જોતાં'તાં?
કે ખાટ જોતાં'તાં વેણ ઉપડે 'પેકેજ' જણવાની?!
દાટ વળી જાય મિલ્કતોનો એનો ઘાટ જોતાં'તાં?!

હાઈકુ

આપે છે લાભો,
આંદોલન પછી જ -
નીંભર તંત્ર...
(ખાયકી સિવાય કંઈ સૂઝતું નથી)

ઉઘાડી આંખ -
પટેલ આંદોલને -
ઉડાડી ઉંઘ..
(હવે યાદ આવ્યા?
- સવર્ણ ગરીબો..

ચિંતન

મદ્દોપશમનં શાસ્ત્ર ખલાનાં કુરુતે મદમ્ ।
ચક્ષુઃ પ્રકાશકં તે જ ઉલૂકાનામિવાન્ધતામ્ ॥

'તેજ-પ્રકાશ આપણા નેત્રોને દૃષ્ટિ રૂપી પ્રકાશ આપે છે પરંતુ એ જ તેજ ઘૂવડને તો અંધાપો જ આપે છે, તેવી જ રીતે શાસ્ત્ર-જ્ઞાન, વિદ્વતા માણસને વિનયી અને નમ્ર બનાવે છે પણ ખલ-દુષ્ટ-અસંસ્કારીને માટે તો એ મદ અને અભિમાનનું સાધન બને ઘમંડી જ બનાવે છે.'

કુપાત્ર, અસંસ્કારી, દુષ્ટ માણસને વિદ્યા પ્રાપ્તિ તો માત્ર અભિમાન અને મદ જ આપે છે. જો શિષ્ય-વિદ્યાર્થી-સંસ્કાર-કુલીન-વિવેકી હોય તો એની વિદ્યા ઉગી નીકળે જીવનનો સાચો ઉદ્દેશ અને આચરણ બાબતનું સચોટ જ્ઞાન આપે છે.

અહીં ઘૂવડનું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી છે જે તેજ પ્રકાશ દૃષ્ટિ આપે તે જ તેજ ઘૂવડ માટે અંધાપો છે.

સુવિચાર

- દરેક જોડે સજ્જનતા નિભાવો, ઘનિષ્ટતા અમુક જોડે જ રાખો,
  પરંતુ અમુક લોકોને સતત પારખ્યા પછી જ વિશ્વાસપાત્ર બનાવો - **નવનીત**
- ભૂલી જવું એ કોઈ રોગ નથી,
  પરંતુ તમારી એકાગ્રતાની ઉણપનું પ્રતિક છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- કૃતજ્ઞતાનો અહેસાસ તમને વિનમ્ર બનાવે છે અને તમારું ભળું કરનારને એક શ્રેષ્ઠ મનુષ્ય - **માનવસૂત્ર**
- સમય દરેકની પાસે છે
  તેનો સદુપયોગ કરવાની કલા પણ આત્માના શાસનથી જ શીખી શકાય છે - **બર્નાડ શો**
- એવા માણસ માટે કંઈ પણ અસંભવ નથી જે નિશ્ચય કરી શકે છે
  અને તેના પર આચરણ પણ - **સ્ટીફન કોવી**
- આત્મ મુગ્ધતા અને આત્મ પ્રશંસા વ્યક્તિને ઉધઈની જેમ ખોખલી કરી નાખે છે - **જીવનસૂત્ર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

ગમે તેવી નમ્ર-સમજું પુત્રવધૂ હોય પણ પછી જયારે 'સાસુ' નું સ્વરુપ ધારણ કરે ત્યારે 'લલિતા પવાર' અને 'શશીકલા' જ થઈ જાય છે. 'ગાઈડ' ફિલ્મમાં દેવાનંદે સાધુનો વેશ ધારણ કર્યો. સંત થઈ ગયો. એના તપથી વરસાદ થયો. દુષ્ટ હતો પણ સંત થઈ ગયો. માત્ર વેશધારણ કરવાથી પણ સ્વભાવ-ચરિત્ર પર અસર થાય છે.

રાવણે, સીતાજીનું અપહરણ કરી અશોક વાટિયામાં રાખ્યાં. એમનાં મનને 'ચલિત' કરવા રોજ અવનવી વેશભૂષા-શણગાર કરી સીતામાતા પાસે આવતો, પણ સીતાજી આંખ ઊંચી કરી એની સામે જોતાં પણ નહીં. મંદોદરી સાથે આવી - મારી નાખવાની ધમકી પણ આપી ગયો. મંદોદરી જેમ મહારાણી બનાવવાની લાલચ પણ આપી પણ બધું જ વ્યર્થ...

અંતે એક અંગત સલાહકાર પાસે પોતાનું આ દુઃખ વ્યક્ત કર્યું. સીતાને રીઝવવા મેં ઘણા સ્વરુપ ધારણ કર્યા પણ મારી તરફ દૃષ્ટિ પણ નથી કરતાં - શું કરું ? સલાહકારે એક તુક્કો બતાવ્યો. કહ્યું, એકવાર તમે માયાવી 'રામ' બનીને જાવ એ જરુર તમારી તરફ નજર નાખશે જ.

રાવણ કહે, હું શું મૂર્ખો છું. એ વેશ પણ એકવાર ધારણ કર્યો પણ તરત જ મારા મનમાં વિકાર અને વિચાર બદલી ગયા. સંસાર-રાજવી પદ બધું તૂચ્છ લાગવા માંડ્યું. સંન્યાસના વિચાર આવવા લાગ્યા. મેં તરત જ સ્વરુપનો ત્યાગ કર્યો.

વિશ્વભરમાં જયજયકાર

તંત્રીસ્થાનેથી....

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માટે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી 'ઍન.આર.આઈ. પ્રાઈમ મિનિસ્ટર' જેવા કટાક્ષયુક્ત શબ્દો વાપરે છે. બે વરસથી પણ ઓછા સમયગાળામાં વડાપ્રધાને દુનિયા આખી ધમરોળી નાખી છે, એટલે એમની સામે આવા કટાક્ષ તો થતા રહેવાના. અગત્યની વાત એ છે કે આમ ભુતાવળની જેમ ભાગતા રહી વડાપ્રધાને દેશ માટે કોઈ નક્કર ઉપલબ્ધિ હાંસલ કરી કે કેમ! જો વર્ષોથી લટકતા રહેતા યુનાઈટેડ નેશન્સની સુરક્ષા પરિષદમાં ભારતને કાયમી સભ્ય પદ હાંસલ થશે તો એનો યશ મોદીના નભે જરુર ચડશે. છેક પંડિત જવાહરલાલ નહેરુ જેવા પ્રતિભાવંત વડાપ્રધાનથી લઈ ડૉ. મનમોહનસિંહ જેવા વિશ્વપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી વડાપ્રધાન સુધીના તમામ નેતાઓ આ મુદ્દે યુનો સમક્ષ ઘા નાખતા રહ્યા છે, એ મુદ્દે સાથી રાષ્ટ્રોની સહમતી મેળવવાના પ્રયાસો પણ થતા રહ્યા છે, છતાં ધાર્યું નિશાન પાડી શકાયું નથી. હવે દડો મોદીના કોર્ટમાં છે. મોદી રાજકારણના અઠંગ ખેલાડી પુરવાર થયા છે. એક તરફ વિકાસના નામે હરણફાળ ભરી રહેલા રાષ્ટ્રમાં મૂડી રોકાણ નિમંત્રવાનું બહાનું હાથવગું છે, બીજી તરફ દુનિયા હવે ભારત વિશેના જૂના ખ્યાલો ભૂલી એને ચીન પછીની સૌથી મોટી વસતી અને બજાર ધરાવતા દેશ તરીકે જોતી થઈ છે. એથી અનવવાં સંગઠનો પણ અસ્તિત્વમાં આવ્યા છે. 'બ્રિક્સ' અને 'જી-૪' એનાં ઉદાહરણ છે. આ બેઉ આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં ભારત કેન્દ્ર સ્થાને નહીં તો અગત્યનીની ભૂમિકા તો ભજવી જ રહ્યું છે. ટૂંકમાં સમય ભારતની તરફેણમાં છે અને ભારતના કર્મધાર મોદી હોઈ હવે પછીનાં થોડાં વર્ષો દરમિયાન ભારતને વિશ્વમાં જે સન્માનભર્યું સ્થાન મળશે એના યશભાગી પણ મોદી જ બને તે સમજી શકાય એવું છે. મોદી પાસે વિશ્વસ્પર્ધામાં ઊતરવાની હામ છે. એથી તેઓ ભાષાની મર્યાદા ઓળંગી શક્યા છે. અંગ્રેજી કરતાં હિંદીમાં જ વધુ પ્રભાવશાળી વકતવ્ય આપી શકાશે એની ખાતરી હોવાથી એમણે યુનોના મંચ પરથી હિંદીમાં જ વકતવ્ય આપી એક કાંકરે બે પક્ષી માર્યાં છે. નિશાળિયા જેવી અંગ્રેજી કરતાં ધારાપ્રવાહ હિંદીમાં ભાષણ આપીને મોદી ભારતની રાષ્ટ્રીય અસ્મિતાનો પુરસ્કાર કરે છે અને હિંદીમાં બોલતા હોવા છતાં ટેકનોસેવી તરીકે ડિજિટલ ઇંડિયાના સમર્થક હોવાનું પણ પુરવાર કરતા રહે છે. એ ફેસબુકના ઝુકર બર્ગ અને ગૂગલના માલિકોને મળે છે. મીડિયા જગતના બેતાજ બાદશાહ રૂપર્ડ મર્ડોકને પ્રભાવિત કરી શકે છે. ગાંધી અને દીનદયાલ ઉપાધ્યાયને એક સાથે સાંકળીને અને નહેરુ-ઇંદિરાનો સમૂળગો ઉલ્લેખ ટાળીને એમણે ગરીબી હટાવવાના કાર્યક્રમની વાત કરી શકે છે. યુનોના મંચ પરથી ચીન કે પાકિસ્તાન સાથેની સીમા-સમસ્યા પર મૌન રહી ગરીબી દૂર કરવાની અને પર્યાવરણ સંરક્ષણની સર્વમાન્ય ચર્ચા કરી વિવાદથી વેગળા રહી શકે છે, એટલું જ નહીં - એ યુનાઈટેડ નેશન્સને અને સિક્યુરિટી કાઉન્સિલને સુધરવાની જરુર છે એવી સુફિયાણી સલાહ પણ આપી શકે છે. મોદી એકેએક ડગલું સહેતુક ભરે છે. હવે એ પાકિસ્તાની વડાપ્રધાન સાથે સમય બગાડવા નથી માગતા. અમેરિકામાં એ બીજા તમામ વિશ્વનેતાઓને અને ખાસ તો એમના વહાલા મિત્ર 'બરાક'ને મળીને પોતે વિશ્વનેતા તરીકે કોઈથી ઊણા ઉતરે એવા નથી, તેવો ગર્ભિત સંદેશ આપી શકે છે. ભારતના વડાપ્રધાન આટલા શ્રુડ છે, ચાલાક છે, એ હવે દુનિયા પણ સમજી ગઈ છે. આયર્લેન્ડ જેવા નાના દેશને સામે ચાલીને મળી આવ્યા એમાં એમની રાજકીય પરિપક્વતા જ દેખાય છે. વળી જયાં પગ મૂકે છે ત્યાં ઉમળકાભેર 'મોદી! મોદી! મોદી!' ના હરખખેલા સૂત્રોચ્ચાર થવા જોઈએ એની તેઓ આગોતરી ખાતરી મેળવી લે છે. પાટીદારોએ કરેલા ધારેલા વિરોધ પ્રદર્શન સામે આ પ્રચંડ સૂત્રોચ્ચારો જ મીડિયામાં છવાઈ જાય તે સ્વાભાવિક છે. વિદેશ પ્રવાસ પછી મોદી નોળવેલ સૂંઘીને પાછા ફરેલા નોળિયાની જેમ બમણી તાકાતથી ઘર આંગણે એમનો વિરોધ કરનારા વિપક્ષો સામે ત્રાટકશે તે નક્કી!

કોઈ વ્યક્તિ નાના અમથા પક્ષી પર દયા કરશે, તેનો જીવ બચાવશે, રક્ષા કરશે, કયામતને દિવસે ખુદ્દા તેના પર દયા કરશે



વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

મનુષ્ય પણ એક પ્રાણી જ છે પરંતુ અન્ય જીવો કરતાં પોતાની વિશેષ બુદ્ધિના ફળ સ્વરુપે તે પોતાની જાતને પ્રાણીથી ઉપરના દરજ્જે મુકી રહેલ છે અને પોતાની જાતિમાં અભદ્ર વર્તન કે અશિષ્ટ વર્તન કરનારને 'પ્રાણી જેવો' કહીને ઉતારી પાડે છે. આ બધામાં તેનું વર્તન પ્રાણીઓ સાથે સમયે-સમયે, પ્રદેશે-પ્રદેશે કે ધર્મે-ધર્મે અલગ-અલગ જોવા મળે છે. તેમ છતાં મુખ્યત્વે પ્રાણીઓ પ્રત્યેનું તેનું વર્તન સરાહનીય કે સંવેદનાભર્યું તો નથી જ રહ્યું.

એક વૈજ્ઞાનિક સંશોધન મુજબ એવું જાણી શકાયું છે કે, આ પૃથ્વી પર પ્રાણીઓની વસ્તી ૫૦% જેટલી ઘટી જવા પામી છે. તેમાં પણ ખાસ કરીને સિંહ ૯૦% વાઘ ૯૭%, હાથી ૬૦%, ડોલ્ફીન ૭૫% સમુદ્રી માછલીઓ ૯૦% એમ મોટા પ્રમાણમાં તેમની સંખ્યામાં ઘટાડો થયેલો જણાય છે. ૭૯૪ જેટલી પ્રાણીઓની જાતિઓ તો આ વિશ્વ પરથી લુપ્ત થઈ જવા પામેલ છે. મરઘા, તેતર, બકરા, જેવા પ્રાણીઓને લડાવીને માનવો પોતાની રીતે ક્રૂર આનંદ મેળવે છે. તો વળી મદારીના ખેલ, સરકસના ખેલ કે પ્રાણી સંગ્રહાલયોમાં પાંજરાઓમાં પુરીને પોતાના આનંદ-પ્રમોદ અને મનોરંજન મેળવવામાં આવે છે તે તો કદાચ હજુ સમજી શકાય પરંતુ પ્રાણીઓને, ક્રૂરતાપૂર્વક મારીને ખાઈ જવા, શિકાર કરવા કે પછી તેને સૌંદર્યપ્રસાધનો કે પછી તેને સુશોભનો કે દેખાવ માટે શોખ ખાતર મારી નાખવામાં આવે છે તે આપણાં માનવોમાં રહેલ હિંસકતાનું વરવું પ્રદર્શન નથી તો શું છે?

બંધારણ કે રચના પ્રમાણેના શારીરિક લક્ષણો મુજબ માનવો પણ શાહાકારી પ્રાણીઓમાં જ વર્ગીકૃત કરી શકાય તેમ છે. તેમ છતાં માનવો માંસાહાર તરફ તેમની વિકૃત મનોવૃત્તિને કારણે વળ્યા હોય તેવું માનવું રહ્યું.

ઈસ્લામ ધર્મમાં પ્રાણીઓને જરુર હોય ત્યારે જ કામમાં લેવા જોઈએ પરંતુ શરત એક જ કે તેઓ પ્રત્યે પ્રેમ, દયા અને કાળજી રાખીને જ. એશો-આરામ માટે કદી પણ નહીં તેવું કહ્યું. તેમ સ્પષ્ટ સમજાવાયું છે, આ પૃથ્વી પરના પ્રત્યેક જીવને ખુદાને ખાસ શરતો સાથે બનાવી છે અને માનવ અને અન્ય પ્રાણીઓને બરાબરીનો દરજ્જો અપાયો છે.

હજરત અલીને એક સુંદર વાત કરી છે જે જીવો વચ્ચેના આંતર સંબંધનું મહત્ત્વ સમજાવે છે. તેઓએ કહ્યું છે કે, 'મધમાખી જે ફૂલમાંથી જે ખાય તે પવિત્ર છે. તે જે બતાવે છે તે મધુર છે અને તે જે ડાળી પર બેસે છે તે તુટતી નથી.' કોઈ પણ ઘટકને ઉપયોગ તે ઘટકને નષ્ટ કે નુકશાન કર્યા વગર કરવો જોઈએ. ટકાઉ વિકાસનો મૂળ સંદેશ આ ઉદાહરણમાં અપાયેલો છે.

માનવીઓ અને પશુઓ વચ્ચેના સંબંધને રસુલ અલ્લાહએ સમજાવેલ છે કે 'બધા પ્રાણીઓ આ દુનિયાનું એક ખાનદાન છે, એક કુટુંબ જેવું છે.' 'ખુદાનું ખાનદાન' અને તે એને ચાહે છે જે તેના ખાનદાન માટે સારા છે, વધુ લાભદાયક બને છે.

વિશેષ કુરાનમાં અલ્લાહ ફરમાવે છે કે 'જમીન પર કોઈ જાનવર નથી કે નથી કોઈ પક્ષી જે વૃક્ષ પર ઉગે છે. પરંતુ તે બધા જ તમારી જેમ કુટુંબ છે. જે ખુદાની પેદા કરેલી વસ્તુઓ, જાનવરો પ્રત્યે દયા દાખવે છે તે પોતાના પર દયા દાખવે છે.'

કુરાન મજીદમાં આગળ લખ્યું છે કે અલ્લાહે જાનવરોને બનાવ્યા તેમાં કેટલાક પાણીના છે, કેટલા પોતાના પેટથી ચાલે છે, તેનો અર્થ અલ્લાહે માનવીને બધાની સાથે જ રાખેલ છે. (૧.૨૩) અબુ હુરેરાએ અલ્લાહના એક નબીનો એક કિસ્સો સંભળાવ્યો જેમાં એક કીડી કરડી તો તેને કીડીઓના આખા રાફડાને સળગાવી દીધો. ત્યારે અલ્લાહે કહ્યું કે તને કીડી કરડી એટલે કે કીડીઓના આખા કુટુંબને સળગાવી દીધું અને મને માન આપ્યું. કોઈ નુકશાનના બદલામાં તબાહી કરવાની સખત મનાઈ છે.

૧.૨ આયાતમાં જે લોકો પ્રાણીઓ, પક્ષીઓનો નાશ કરે છે અને પોતાને બચાવી રાખે

અનુસંધાન પાના નં. ૭ પર

આ વર્ષે ઑસ્કારમાં થશે કોર્ટ' રૂમ ડ્રામા...!!!

રગ્ગળપાટ
અજય ઉપાધ્યાય

'ભારતે આખરે ખરેખર એકેડેમી એવોર્ડ જીતી શકે એવી ફિલ્મની પસંદગી કરી છે' આ શબ્દો છે લોસ એન્જલેસ ટાઈમના. એકેડેમી એવોર્ડ એટલે જેને આપણે ઓસ્કાર એવોર્ડ તરીકે ઓળખીએ છીએ એ અને લોસ એન્જલેસ ટાઈમેં જેના માટે આ આગાહી કરી છે એ મરાઠી ફિલ્મનું નામ છે 'કોર્ટ'. લોસ એન્જલેસ ટાઈમ અને બીજા આંતરરાષ્ટ્રીય અખબારોના દાવાને વેગ મળે એવી ઠોસ હકીકત છે આ ફિલ્મે વિશ્વભરના ફિલ્મ ફેસ્ટીવલોમા જીતેલા પુરસ્કારો. માત્ર ૨૮ જ વર્ષના યુવા દિગ્દર્શક ચૈતન્ય તાહમણેની આ મરાઠી ફિલ્મ 'કોર્ટ' ૮૮માં ઓસ્કાર મહોત્સવ સુધી નોમીનેટ થયા પહેલા સપ્ટેમ્બર ૨૦૧૪માં વેનિસ ફિલ્મ મહોત્સવમાં અધધધ કહી શકાય એવા ૧૭ પુરસ્કારો જીતી ચુકેલી છે. આ ઉપરાંત બેસ્ટ ફીચર ફિલ્મનો નેશનલ અવાર્ડ, ઓક્ટોબર ૨૦૧૪માં મુંબઈ ફિલ્મ ફેસ્ટીવલમાં બેસ્ટ ફિલ્મ અને બેસ્ટ દિગ્દર્શનના એવોર્ડની સાથે સાથે હોંગકોંગ, સિંગાપોર, વિયેના, રશિયા, મેક્સિકો, સર્બિયા જેવા જગતના અધી ડઝનથી વધુ દેશોના ફિલ્મ ફેસ્ટીવલમાં ઢગલો એવોડી જીતી ચુકી છે. આટલી બધી વખણાયેલી અને સન્માનિત કરાયેલી ફિલ્મ પાસે લોસ એન્જલેસ ટાઈમના શબ્દોમાં કહીએ તો આપણને પણ અત્યંત આશાઓ હોય જ એ સ્વાભાવિક છે.

શું છે એવું આ ફિલ્મમાં કે જે એને ઓસ્કાર સુધી ખેંચી ગયું ? 'કોર્ટ' નો હીરો કવિ છે અને લોકગાયક પણ છે જે સીસ્ટમ સામે લોકોને જાગૃત કરતા ગીતો લખે છે. એકવાર એ મુબઈ કોર્પોરેશનના કામદારોની એક સભામાં મુંબઈની ગટરો સાફ કરતા લોકો માટે ગીત ગાઈ છે કે આવા નરકમાં કામ કરવા કરતા આપઘાત કરવો સારો. એના પછી એક મજુર ગટરમાં ઉતરે છે અને અકસ્માતે મરી જાય છે. અધિકારીઓ પોતાને આ દુર્ઘટનાથી બચાવવા પોલીસની સાંઠગાંઠથી આ ગાયકને એના ગીતથી મજુરને આપઘાત કરવાનો ચાનો ચડ્યો એવું ઠોકી બેસાડે છે, આરોપી બનાવે છે અને પછી શરુ થાય છે પોતાને નિદોષ સાબિત કરવા કોર્ટ અને કચેરીના ચક્કર કાપતો નાયક અને ખોખલી અને શીથીલ કાનુન વ્યવસ્થાનું ચિત્રણ. વાર્તામાં કદાચ કશું નવું નથી લાગતું કેમકે બોલીવુંડીયા ફિલ્મોમાં આવી વાર્તા અને પ્રસંગો અનેકોવાર આવી ગયા છે પણ ' કોર્ટ ' માં છે બેબાક અને બેખોફ રીતે ચિત્રિત થયેલી આપણી ન્યાય વ્યવસ્થા અને એની સામે લાચારી અનુભવતો એક આમ નાગરિક.

ફિલ્મમાં જો કશુક નવું કે ઝંઝોળી નાખતું હોય તો એ છે ચિત્રણ અને અભિનય. કોર્ટ, કાનુન અને કાનુનના રખવાળાઓનું એકદમ વાસ્તવિક અને જીવંત ચિત્રણ આ ફિલ્મનું જમાપાસું છે. આમ તો વાર્તા દસ્તાવેજી ફિલ્મ જેવી છે પણ ફિલ્મના સંવાદો અને અદ્દલ વાસ્તવિક લાગતા પ્રસંગો દર્શકને ફિલ્મ સાથે જોડી રાખે છે. કોર્ટ - કચેરીના ચક્કરમાં પડેલા અનેકોને આ ફિલ્મ જોતી વખતે હીરોની સાથે પોતાની જાતને કનેક્ટ કર્યાનો અહેસાસ આપે છે. ગરીબ-અમીર અને લાચાર-સત્તાધીશ વચ્ચેનો સંઘર્ષ અને આ બધાની લાઈફ સ્ટાઈલ, કામ પ્રત્યેની નિષ્ઠા, કોટીમાં ચાલતા બખડજંતર અને એબોવ ઓલ આ બધા વચ્ચે વર્ષો સુધી એકથી બીજી કોર્ટમાં ચક્કર ખાતા નિસહાય અદના ઈન્સાનની વ્યથા આ બધાને ચૈતન્યે બોરિંગ થયા વગર હળવી કે આસન ભાષામાં હૈયા સોસરવી ઉતરી જાય એવી રીતે રજુ કરી છે અંને એટલે જ ચૈતન્યે પણ એ વાતની કાળજી રાખી છે કે ભલે ફિલ્મ મરાઠી ઓરીઝ્નમાં બની હોય પણ સંવાદો ટોટલ મરાઠી નહી પણ જરૂર મુજબ અંગ્રેજી અને ઈવન ગુજરાતી ભાષામાં પણ યથાવત રાખ્યા છે જેનાથી બિન-મરાઠી દર્શકો પણ સબ-ટાઈટલ ના હોય તો પણ કથા અને પ્રસંગનો ભાવાર્થ આસાનીથી સમજી શકે.

જગતની સૌથી મોટી કહી શકાય એવી ફિલ્મ ઈન્ડસ્ટ્રી ધરાવતા ભારતને અત્યાર સુધી બેસ્ટ ફોરેન લેન્ગવેજ ફિલ્મનો ઓસ્કાર એવોર્ડ જીતવો બાકી છે પણ હા ભારતની પૃષ્ઠભૂમિ વાળી ગાંધી અને સ્લમડોગ મિલિયોનર જેવી વિદેશી ફિલ્મોએ ઓસ્કાર જીતેલા છે. મધર ઈન્ડિયા, સલામ બોમ્બે અને ભરપુર પબ્લીસીટી વાળી લગાન ઓસ્કારની રેસમાં લાસ્ટ ફાઈવ સુધી પહોચેલી એનું આશ્વાશન જ અત્યાર સુધીનું ભારતનું ઓસ્કાર ભાથું ગણી શકાય. આ પહેલા ભાનુ અથૈયા રૂફિલ્મ ગાંધીમાટે બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન), સત્યજીત રાય (લાઈફટાઈમ એચીવમેન્ટ), રહેમાન-ગુલઝાર (સ્લમડોગ મિલિયોનરના ગીત જય હો માટે) જેવા ઈન્ડીવિઝ્યુલ ઓસ્કાર ભારતીયો જીતી ચુક્યા છે પણ બેસ્ટ ફિલ્મ જેવો સર્વીંગ પુરસ્કાર જીતવો હજુ પણ બાકી છે અને એનું કારણ છે ઓસ્કારમાં મોકલાતી ફિલ્મોના સિલેકશનમાં થતા રાજકીય મામકાવાદ અને પસંદીકારોમાં વિશ્વ સિનેમા પ્રક્રિયા વિશેનો અભાવ. આપણી ઓસ્કારની જ્યુરી રાજકારણની અસરમાં આવીને હમેશા લોકપ્રિય કે ખરેખર લોકો ઈચ્છતા હોય એ ફિલ્મોને ઓસ્કારનો નહિ પણ બહારનો દરવાજો બતાવતી આવી છે અને એના લીધે ઓસ્કારમાં સબળી કે સર્વસ્વીકૃત ફિલ્મો જઈ શકિત નથી . મોટાભાગે ઓસ્કારની રેસમાં એકાદ બે તામિલ, મલયાલમ કે બંગાળી ફિલ્મોને બાદ કરતા હિન્દી ફિલ્મોનો ઘોડો જ દોડતો હોય છે અને ઓસ્કારની પસંદગી લેવીશ બજેટ કે પોપ્યુલારીટી પર નહિ પણ ફિલ્મમાં રજુ થતી વાર્તા, એને જીવંત કરતો અભિનય અને એ અભિનયની દર્શકો પર થતી અસર પર આધારીત છે અને આપણી બોલીવુંડીયા ઓસ્કાર એન્ટ્રીઝ મધર ઈન્ડિયા, તારે જમીન પર કે બરફી જેવી એકાદ બે ને બાદ કરતા કોઈ પણ એન્ગલથી ઓસ્કાર ના આ કાયટેરીયા માં ક્યા ફીટ બેસે છે ? અને આ વાત દર વર્ષે ઓસ્કાર મેળવતી વિદેશી ફિલ્મો જુઓ તો તરત ખ્યાલમાં પણ આવી જ જાય.

ફિલ્મમાં ગુજરાતી વકીલ વિનય વોરાનું પાત્ર ભજવતા વિવેક ગોમ્બરે પોતાના ખુદના ૩.૫ કરોડ ખચીને આ કોર્ટ-રૂમ ડ્રામા બડી હિમતથી બનાવ્યો છે અને દર્શકોએ પણ એને જે રીતે વધાવ્યો છે એના પરથી સાબિત થાય છે સારી, સ્વચ્છ અને સટીક ફિલ્મો ચાલે જ છે અને વખણાય પણ છે. આર્ટ અને કોમશીયલ ફિલ્મ વચ્ચે અદ્ભુત તાલમેલ રાખતી આ બોલીવુંડીયા ગીમ્મીકસ અને બિનજરૂરી તડક-ભડક કે આખો આંજી દેતી ફ્રેમો કે ટીપીકલ બોલીવુડ સ્ટાઈલ સ્ટોરી ટેલીંગ વગરની આ સાદી, સીધી અને સચોટ ફિલ્મ ભારતમાં પણ ઓસ્કાર વિનિંગ ફિલ્મો બને છે એવો વિજય વાવટો ફરકાવે એ જ કરોડો સિનેપ્રેમી જનતા તરફથી શુભેચ્છાઓ..!!!!

વિસામો :

૮૬માં એકડેમી એવોર્ડ (૨૦૧૩) માટે નોમિનેટેડ ભારતીય ફિલ્મ હતી, ગુજરાતમાં અને ગુજરાતીમાં બનેલી - ' ધ ગુડ રોડ'.

- akurjt@gmail.com

હે યુવાનો, આવો, જૂના આરક્ષિત મૂલ્યો બદલીએ

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

મને બરાબર યાદ છે કેઈ.સ. ૧૯૮૫માં અનામત આંદોલન ચાલતું હતું. હું ધો. ૧૨ પાસ કરી કૉલેજના પ્રથમ વર્ષમાં આવેલો અને અમે બધા વિદ્યાથીઓ એક દિવસના પ્રતીક ઉપવાસ પર ઉતરેલા. આ આંદોલને વી.પી.સિંહની સરકારનો ભોગ લીધેલો.

આજે ફરીથી આવું જ કંઈક આંદોલન શરું થયેલું છે. ૬૭ વર્ષ પહેલા દેશ જ્યારે આઝાદ થયો ત્યારે શરૂઆતના વર્ષોમાં આર્થિક અને સામાજિક રીતે પછાત લોકોને સરકાર સહાય કરે એ સાહજિક છે. પરન્તુ આજે આ સહાય કાયદો બનીને આખા દેશની સામાજિક વ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરી રહી છે. પરિણામે જ્ઞાતિવાદનો જ્વાળામૂખી ગુજરાતમાં ભભૂકી ઊઠ્યો છે. વળી ''અનામત પ્રથા''ને કાયદો બનાવવાથી એક જ પછાતઘરની બધી જ વ્યક્તિઓ સરકારમાં ઊંચી પોસ્ટ ઉપર બેસે છે. જે આર્થિક રીતે ખુબ જ સંપન્ન છે તેઓના સંતાનોને પણ આરક્ષણને કારણે ખાતાકીય પરીક્ષાઓમાં, મેડિકલ પ્રવેશમાં, કે સરકારી નોકરીમાં હજી એ જ લાભ મળે છે. અને ૫૦/૬૦ ટકામાં તેઓ ડૉકટર બની જાય છે. ક્લાસ વન ઓફિસર બની જાય છે અને સામાન્ય વર્ગની વ્યક્તિ ૮૦/૯૦ ટકા હોવા છતાંય... આજે પાટીદાર પટેલોએ જે આંદોલન ઉપાડ્યું છે તેની પાછળના કારણો વિશે કોઇ વિચારતું નથી. હવે બ્રાહ્મણો પણ 'જય પરશુરામ' કરી સામે આવી રહ્યા છે. આ આરક્ષણ ખરેખર શું છે ? દેશ આઝાદ થયો ત્યારે ખુદ ડૉ. બાબાસાહેબ આંબેડકરે પછાત જાતિઓના વિકાસ માટે માત્ર શરુઆતના દસ વર્ષ સુધી તેઓને આરક્ષણ આપવાનું કહ્યું હતું પરંતુ એનો જાતિગત રાજકીય લાભ લેવા એને કાયમી - કાયદાનું સ્વરૂપ આપી દીધુ અને જેને આધારે ૫૦/૬૦ વર્ષ સુધી રાજ પણ કર્યું.

આજે યુગ બદલાયો છે. ખેતીવાડીનો એ યુગ નથી જે આજથી ૫૦ વર્ષ પહેલા હતો. આજે આ 'અનામત'ને કારણે ઘણી એવી ઉચ્ચ જ્ઞાતિઓ છે જે આર્થિક રીતે પછાત રહી ગઇ છે. પરંતુ સ્વમાનને કારણે અત્યાર સુધી મૌન રહી છે. આ ૨૧મી સદી છે. સ્પર્ધાત્મક યુગ છે. જો દેશમાં સો સ્માર્ટ સીટી બનાવવા છે તો એવા સીટીમાં જ્ઞાતિજાતિના ભેદ નહી ચાલે. જે મહેનત કરે એ જીતે. મેરિટ સૌને માટે સરખું. હા, જેઓ ખરેખર ગરીબ છે. પછાત છે. જે કોઇપણ જ્ઞાતિના છે એવા લોકોને સરકારે ચોક્કસ મદદ કરવી જ જોઇએ. પરંતુ આ 'અનામત પ્રથા' તો રદ કરવી જ જોઇએ. હા વિશ્વમાં નારી આગળ આવી રહી છે. તો ૫૦ ટકા સ્ત્રી અને ૫૦ ટકા પુરુષ...એવું આરક્ષણ હશે તો કોઇને વાંધો પણ નહી હોય.

આજે પટેલ આંદોલને બધા જ સામાજિક અને રાજકીય સમીકરણો બદલી નાખ્યા છે. ઓબીસીનો વિરોધ આજે વેગ પકડી રહ્યો છે. પ્રજાના વિચારને અંકુશ કરવો એના કરતા પ્રજાના યોગ્ય વિચારને સ્વીકારવો એ રાજકીય રીતે પણ વધુ હિતાવહ હોય છે. પરંતુ ઓબીસી રક્ષા સમિતિ ૫૦ ટકા કરતા વધુ આરક્ષણ આપી શકતી નથી અને મંડલ કમિશને ઓબીસીમાં જે ૧૨૦૦ જાતિ હતી તે વધારીને આજે છેક ૨૪૦૦ સુધી પહોંચાદી દીધી છે. અને રાજનેતાઓ કહે છે કે અમે દેશનો વિકાસ કર્યો છે. વિકાસ ચોક્કસ થયો છે પણ કોઇ ચોક્કસ જાતિના એક સમુહનો. બધાનો નહી. આને કારણે ઓબીસીના એક જ પરિવારના બધા જ સભ્યોને લાભ મળે છે. ખરેખર તો એવું હોવું જોઇએ કે જે પરિવાર આરક્ષણનો એક વાર લાભ લે તે જ પરિવારની બીજી વ્યક્તિ એ લાભ લઇ શકે નહી.

આજે લોકતંત્રની સામે ભીડતંત્રનો આ સંઘર્ષ શક્તિશાળી સાબિત થઇ રહ્યો છે. એક ૨૨ વર્ષનો યુવાન ૨૦/૨૨ લાખની ભીડ એકઠી કરી શકે છે. ભલે એની પાછળ બીજું એક મોટું તંત્ર કામ કરતું હોય. પણ દેશ માટે આ એક મોટો સંકેત છે. આ એક સામાજિક ટકરાવ છે. જુના કાયદાઓ, નિયમો અને મૂલ્યો બદલવાનો સમય હવે આવી ગયો છે. આરક્ષણ કોઇ જ્ઞાતિને નહી પરિસ્થિતિને હોવું જોઇએ. નહિતર આવતા આઠ-દસ વર્ષમાં હવે સરકારની તમામ ઉચ્ચકક્ષાની જગ્યાઓ પર આ ઓબીસી હશે. સ્કૂલો, કોલેજોમાં, યુનિવર્સિટીઓમાં આ ઓબીસી હશે. અને એના સામાજિક, શૈક્ષણિક પરિણામો કેવા આવશે તે આપણે સૌ જાણીએ છીએ. જે ખરેખર હોશિયાર છે અને મહેનત કરીને આગળ આવે છે એવા તમામ ઓબીસી હોય કે કોઇપણ પછાત જ્ઞાતિનો ઉમેદવાર હોય એને સહર્ષ સ્વીકારવો જોઇએ પરંતુ માત્ર આરક્ષણથી જે અણઘડ અને અશિક્ષિત ઉમેદવારો ઉચ્ચ હોદા પર આવી જાય છે ત